**મહે. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, સુરત**

**ફોજદારી કેસ નં.૪૪૦૦૯/૨૦૨૪**
**આંકઃ**

**ફરિયાદીઃ** શ્રી સરકાર

વિરુદ્ધ

**આરોપીઓઃ** ૧) શબ્બીરભાઈ હૈદરભાઈ વાણા
૨) દશરથભાઈ સાંકાભાઈ દેસાઈ
૩) હાતિમ ટાયરભાઈ જાબરોટ
૪) ઉસ્માન અમીન શેખ

**ગુનોઃ જુગાર ધારા કલમઃ ૧૨ મુજબ.**

## -// ચુકાદો //-

**૧.** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ બનાવના સમયે અને સ્થળે જુગાર રમતા ઝડપાઈ જઈ આરોપીઓએ જુગાર ધારાની કલમઃ૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરતા તે બદલની ફરિયાદ સલાબતપુરા પો.સ્ટે. બી પાર્ટ ગુના રજી.નં.૧૧૨૧૦૦૦૫૫૨૪૦૨૧૬/૨૦૨૪ થી નોંધાતા ગુનાની તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૨.** આરોપીઓ વિરુદ્ધ નામ. અદાલતમાં ચાર્જશીટ દાખલ થતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માટે આરોપીઓને સમન્સ કરવામાં આવતા આરોપીઓ અત્રેની કોર્ટમાં હાજર રહેતા ક્રિમી. પ્રોસી. કોડની કલમ-૨૦૭ અન્વયે તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીઓએ પોતે ગુનો કબૂલ કરવા માંગતા હોવાની કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે અને આરોપીઓની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ સ્વેચ્છાએ ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે આરોપીઓની આ રાજીખુશીથી કરેલી કબૂલાત હોઈ, તે નહીં માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીઓની કબૂલાત ધ્યાને લઈ તેમને સજા અંગે પૂછતા જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભૂલ બદલ

હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતાં ન્યાયના હીતમાં આરોપીઓની કબૂલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુકમ ઃ–**

૧. આ કામના તમામ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૫૨ અન્વયે જુગારધારા કલમ–૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને દરેક આરોપીને રૂ.૧૫૦/– પૂરાનો દંડ કરવામાં આવે છે જો આરોપીઓ દંડ ન ભરે તો દિન ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતીમાં જણાવેલ અંગ જડતીના નાંણા અપીલ સમય બાદ આરોપીઓને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે તથા દાવ ઉપરના નાણા સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તથા અન્ય મુદ્દામાલ અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

૩. આરોપીઓ પાસેથી દંડ પેટે કુલ રૂ.૬૦૦/–(અંકે રૂપિયા છ સો પૂરા ) વસૂલ લેવા.

હુકમ આજ તા.૦૯/૦૩/૨૦૨૪ ના રોજની સ્પે.સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯–૦૩–૨૦૨૪
સુરત.

(પી.બી. પટેલ )
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, સુરત.
(GJ 00805)